# નાગરિકશાસ્ત્ર અને બંધારણ

## (૧) નાગરિકતા

ભારતમાં રહેતા બધા જ માણસો ભારતના નાગરિકો નથી. તેમાં મોટા ભાગના દેશના નાગરિકો છે અને થોડા પરદેશીઓ છે. ભારતમાં જુદા જુદા દેશના ઘણા લોકો આવતા-જતા રહે છે. તેમાંથી કેટલાક ભારતમાં કેટલોક સમય રહેતા પણ હોય છે; પરંતુ તેઓ ભારતમાં કાયમી વસવાટ કરતા નથી. તેમને ચૂંટણીમાં ઊભા રહેવાનો, મત આપવાનો, સરકારી પદ મેળવવાનો કે એવા બીજા કોઈ હક હોતા નથી. આથી તેઓ ભારતના નાગરિક કહેવાતા નથી. તેઓ તેમના જે-તે દેશના નાગરિક કહેવાય છે. જર્મની, અમેરિકા, રશિયા, જાપાન વગેરે દેશોના ઘણા લોકો આપણે ત્યાં અભ્યાસઅર્થે, પ્રવાસ માટે તેમજ વેપારી તરીકે કે ઔદ્યોગિક સંસ્થાઓમાં કામ માટે આવે છે. કેટલાક દેશોના પ્રતિનિધિઓ (એલચી / રાજદૂત) પણ આપણે ત્યાં વસ્યા હોય છે. આમ છતાં તેઓ 'ભારતના નાગરિક' કહેવાશે નહિ.

રાજ્યમાં વસવું, રાજ્યને વફાદાર રહેવું, રાજ્ય તરફથી મળતા હક ભોગવવા અને રાજ્યની ફરજો અદા કરવી તેને 'નાગરિકતા' કહે છે. નાગરિક માટે રાજ્યના બંધારણે ચોક્કસ ધારાધોરણો નક્કી કરેલાં છે, તેને આધારે વ્યક્તિ નાગરિકતા મેળવે કે ગુમાવે છે.

બંધારણ પ્રમાણે ભારતના દરેક નાગરિકને કેવળ એક જ એટલે કે ભારતીય સંઘની નાગરિકતા જ અપાયેલી છે. નાગરિક ગુજરાતનો હોય, મહારાષ્ટ્રનો હોય કે રાજસ્થાનનો હોય, તેને રાજ્ય અને ભારતીય સંઘની એમ બેવડી નહિ; પરંતુ ભારતીય સંઘની એટલે કે ભારત સરકારની જ નાગરિકતા મળે છે.

- **ભારતનું નાગરિકત્વ મેળવવાની રીત**

ભારતનું નાગરિકત્વ મેળવવાની બે રીતો છે : ઘણા જન્મથી નાગરિકતા પામે છે તો કેટલાક કાયદાની મદદથી નાગરિકતા મેળવે છે. જે વ્યક્તિનો જન્મ ભારતમાં થયો હોય તે વ્યક્તિ ભારતની નાગરિકતા આપોઆપ જ પામે છે. માતા કે પિતાનો જન્મ ભારતમાં થયો હોય અને બાળકનો જન્મ પરદેશમાં થયો હોય તો પણ તે બાળકને ભારતના નાગરિકત્વનો અધિકાર રહે છે. એક ઉદાહરણ લઈએ. ભારતના શ્રી શેખ અને તેમનાં પત્ની અમેરિકામાં રહે છે. એમને ત્યાં નદીમનો જન્મ થયો. શ્રી શેખે નદીમના જન્મની સાથે ભારતના એલચી ખાતામાં નોંધણી કરાવી. આમ, નદીમને અમેરિકા અને ભારત એમ બે દેશની નાગરિકતા મળી, પણ નદીમ મોટો થાય પછી તે કોઈ એક જ દેશનો નાગરિક રહી શકે. આથી તેણે ગમે તે એક દેશનું નાગરિકત્વ છોડવું પડે.

પોતાના કે માતાપિતાના જન્મના આધારે નાગરિકત્વ પામવાની રીત સ્વાભાવિક છે. બીજી રીત કાયદાની મદદથી નાગરિકત્વ મેળવવાની છે. ભારતમાં વસતા પરદેશીઓ પોતાના

લાંબાગાળાના વસવાટના આધારે અરજી કરીને, ભારતનું નાગરિકત્વ મેળવી શકે છે પણ તેને માટે અમુક શરતો છે :

1. નાગરિકત્વ માટે અરજી કરતી વખતે તેણે પરદેશનું એટલે કે જે દેશ કે રાષ્ટ્રનું નાગરિકત્વ હોય તે છોડી દેવું પડે.

2. તેણે ભારતમાં પાંચ વર્ષ કે તેથી વધુ વસવાટ કર્યો હોવો જોઈએ.

3. ભારતમાં કાયમી વસવાટ કરવાનો તેનો ઇરાદો હોવો જોઈએ.

આ ઉપરાંત કોઈ પરદેશની સ્ત્રી કે પુરુષ ભારતના નાગરિક સાથે લગ્ન કરે તો તે ભારતના નાગરિક બની શકે છે.

કેટલાક સંજોગોમાં ભારતનો નાગરિક પોતાનું નાગરિકત્વ ગુમાવે છે. જો કોઈ ભારતીય દેશદ્રોહનો ગંભીર ગુનો કરે, તેવા સંજોગોમાં તે વ્યક્તિ ભારતીય નાગરિકત્વ ગુમાવે છે.

## (૨) સ્થાનિક સરકાર (ગ્રામીણ)

- **ગ્રામસભા** :

ગ્રામસભાની બેઠકની શરૂઆતમાં સરપંચે ગામના રસ્તા રિપૅર કરવા માટેના ખર્ચની માહિતી આપી. ગામમાં પીવાના પાણીની પણ સમસ્યા હતી, તેના પર ચર્ચા થઈ. 'ગરીબીરેખા' નીચે આવતાં કુટુંબોના સમાવેશ બાબતે ચર્ચા થઈ. કારણકે જે લોકો (કુટુંબો) ગરીબીરેખા નીચે આવતાં હતાં, તેવાં કુટુંબોનો સમાવેશ બી.પી.એલ. (બીલો પોવરટી લાઇન)ની યાદીમાં થતો ન હતો. જ્યારે બી.પી.એલ.ની યાદીમાં સમાવેશ ન કરી શકાય તેવા કુટુંબોનો સમાવેશ પણ બી.પી.એલ.ની યાદીમાં કરવામાં આવ્યો હતો. ગ્રામસભામાં આવાં નામોની ઘણા લોકોને ખબર હતી; પરંતુ તેઓ બોલી શકતા ન હતા. ગ્રામસભામાં ગામની અને ગ્રામજનોના વિકાસની ચર્ચા કરવામાં આવે છે.

- **સ્થાનિક સ્વરાજ્ય**

ઘરના મુખ્ય માણસ માતા-પિતા કે દાદા-દાદી છે, જે આખા કુટુંબનો વહીવટ કરે છે. તેઓ ઘરના નિર્ણયો લે છે. સ્થાનિક કક્ષાએ લોકો મત આપી પોતાના પ્રતિનિધિઓ ચૂંટી મોકલે છે અને તેમના દ્વારા જે વહીવટ થાય, તેને 'સ્થાનિક સ્વરાજ્ય' કહે છે. તેનો વહીવટ કરતી સંસ્થાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કહેવામાં આવે છે. આ સંસ્થાઓમાં સ્થાનિક લોકોની ભાગીદારી હોય છે.

ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. જ્યારે નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે.



સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

- **પંચાયતીરાજ**

મહાનગરપાલિકા એ શહરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. આપણે પંચાયતીરાજનું ત્રણ સ્તરનું માળખું સ્વીકારેલું છે :

(1) ગ્રામ કક્ષાએ ગ્રામપંચાયત

(2) તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત

(3) જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત

પંચાયતીરાજ એ સ્થાનિક (Local) કક્ષાએ સ્વશાસન ચલાવવા માટે ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે, જે સ્થાનિક લોકોની જરૂરિયાત પૂરી કરે છે તેમજ તેમના પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવે છે. ગુજરાત રાજ્યમાં ઉપર મુજબ ત્રિસ્તરીય પંચાયતી રાજનું માળખું છે.

## (3) ગ્રામપંચાયત અને તાલુકા પંચાયત

❖ **ગ્રામપંચાયત**

ગામની વસતિ પ્રમાણે ગ્રામપંચાયતના સભ્યોની સંખ્યા હોય છે. સામાન્ય રીતે પંદર હજારથી ઓછી વસતિ હોય ત્યાં ગ્રામપંચાયત હોય છે. ગ્રામપંચાયતમાં ઓછામાં ઓછા સાત સભ્યો હોય છે. ગ્રામપંચાયતના વડાને 'સરપંચ' કહે છે. ગામના મતદારો પ્રત્યક્ષ રીતે મત આપી સરપંચને ચૂંટે છે. વૉર્ડના સભ્યોને જે-તે વૉર્ડના મતદારો ચૂંટે છે.

- **ગ્રામપંચાયતની આવકનાં સાધનો** :
  - ગ્રામપંચાયત મકાનવેરો, દુકાનવેરો, દીવાબત્તી-વેરો ઉઘરાવી આવક મેળવે છે.
  - તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે.
  - સ્વૈચ્છિક ગામફાળાથી પણ નાણાં મેળવે છે.
- **વહીવટ**

સરકાર તરફથી તલાટી-કમ-મંત્રીની નિમણૂક થાય છે. તે વહીવટી કામ સંભાળે છે. તે દફતર સંભાળે છે. ગ્રામપંચાયતના અહેવાલ, પત્રકો અને અંદાજપત્ર તૈયાર કરી હિસાબો રાખવાનું કામ કરે છે. ગ્રામપંચાયત કાર્યાલયને 'ગ્રામસચિવાલય' પણ કહેવામાં આવે છે.

❖ **તાલુકા પંચાયતની રચના**

વસતિ પ્રમાણે તાલુકા પંચાયતની બેઠકો નક્કી થાય છે. આ બેઠકના મતદારો તાલુકા પંચાયતના સભ્યોને ચૂંટે છે. સામાન્ય રીતે તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી પંદર હોય છે. ચૂંટાયેલા તાલુકા પંચાયતના સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય છે તેમજ ચૂંટાયેલા સભ્યોમાંથી જ કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના કરવામાં આવે છે.

- **તાલુકા પંચાયતના આવકનાં સાધનો**

(1) જમીન-મહેસૂલ, શિક્ષણ ઉપકર, સિંચાઈવેરો વગેરે દ્વારા આવક મેળવે છે.

(2) જિલ્લા પંચાયત તેમજ રાજ્ય સરકાર તરફથી અનુદાન (ગ્રાન્ટ) મેળવે છે.

(3) દાન, બક્ષિસ, લોકફાળો વગેરેમાંથી આવક મેળવે છે.

- **તાલુકા પંચાયતનો વહીવટ**

તાલુકા વિકાસ અધિકારી એ તાલુકા પંચાયતના વહીવટી વડા છે. તે તાલુકા પંચાયતના ઠરાવોનો અમલ કરે છે.તાલુકા પંચાયતના તમામ કર્મચારી પર દેખરેખ રાખે છે. તાલુકા પંચાયતનું વાર્ષિક બજેટ પણ તેઓ તૈયાર કરે છે.

## (૪) હક અને ફરજો

ભારતીય બંધારણ 26મી નવેમ્બર, 1949 ના રોજ બંધારણ સભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું અને 26મી જાન્યુઆરી, 1950 ના રોજ અમલમાં આવ્યું હતું. બંધારણ એ રાષ્ટ્રનો સર્વોચ્ચ કાયદો છે. સરકાર દ્વારા ઘડવામાં આવેલ દરેક કાયદા બંધારણને અનુરૂપ હોવા જોઈએ. આપણે આપણા બંધારણને અપનાવવાની ઉજવણી કરવા માટે દર વર્ષે 26મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ ઉજવીએ છીએ.

આપણું બંધારણ ભારતના લોકો માટે લિંગ, જાતિ, ધર્મ અથવા જન્મસ્થળને ધ્યાનમાં લીધા વિના, વધુ સારું જીવન જીવવામાં અને જવાબદાર નાગરિક તરીકે કાર્ય કરવામાં મદદ કરવા માટે અમુક અધિકારો અને ફરજો આપે છે. નાગરિકોના અધિકારોને મૂળભૂત અધિકારો તરીકે ઓળખવામાં આવે છે અને ફરજોને મૂળભૂત ફરજો તરીકે ઓળખવામાં આવે છે.

- **મૂળભૂત અધિકારો**

ભારતીય લોકોને છ મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે.

1. સમાનતાનો અધિકાર
2. સ્વતંત્રતાનો અધિકાર
3. શોષણ સામે અધિકાર
4. ધર્મની સ્વતંત્રતાનો અધિકાર
5. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો
6. બંધારણીય ઉપાયોનો અધિકાર

- **મૂળભૂત ફરજો**

જ્યારે લોકો આવા અધિકારોનો આનંદ માણે છે, ત્યારે તેઓ નાગરિક તરીકે ચોક્કસ ફરજો બજાવે તેવી પણ અપેક્ષા રાખવામાં આવે છે. આ ફરજો મૂળભૂત ફરજો તરીકે ઓળખાય છે. મૂળભૂત ફરજો નીચે મુજબ છે.

1. બંધારણ અને દેશના કાયદાઓનું પાલન કરો.
2. રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનું સન્માન કરો.
3. અહિંસા, બિનસાંપ્રદાયિકતા અને લોકશાહીના માર્ગોનું પાલન કરો.
4. દેશના વારસા અને સંસ્કૃતિનું જતન કરો.
5. રાષ્ટ્રની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાની રક્ષા કરો.
6. જાહેર મિલકતની રક્ષા કરો અને કોઈપણ કિંમતે દેશની રક્ષા કરો.
7. દહેજ અને જુગાર જેવા સામાજિક દુષણોથી દૂર રહો.
8. પોતપોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠતા તરફ પ્રયત્ન કરો.

## (૫) વિધાનપરિષદ અને વિધાનસભા

ભારત વિશાળ જનસંખ્યા ધરાવતો દેશ છે. ભારતમાં 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશો છે. દિલ્લી વિશેષ રાજ્ય છે. દેશમાં સમવાયી એટલે કે રાષ્ટ્ર અને રાજ્ય એમ બે કક્ષાની સરકાર છે. રાષ્ટ્ર કક્ષાની સરકારને 'કેન્દ્ર સરકાર' કે 'સંઘ સરકાર' કહે છે. તે સમગ્ર ભારતનો વહીવટ કરે છે. રાજ્ય કક્ષાએ રાજ્યનો વહીવટ કરતી સરકારને રાજ્ય સરકાર કહે છે.

- **વિધાનપરિષદ**

રાજ્ય સરકારનાં મુખ્ય અંગો : ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર છે. રાજ્યની ધારાસભાના ઉપલા ગૃહને વિધાન પરિષદ કહે છે. ભારતના દરેક રાજ્યને ધારાસભા છે. બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ રાજ્યોમાં જ વિધાનપરિષદ છે. ગુજરાતની ધારાસભામાં વિધાનપરિષદ નથી.

વિધાનપરિષદના સભ્યોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, નોંધાયેલા સ્નાતકો, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષકોનાં મતદાર મંડળો ચૂંટે છે. વિધાનપરિષદના સભ્ય બનવા માટે ઉમેદવાર 30 વર્ષ કે તેથી વધુ વયનો અને ભારતીય નાગરિક હોવો જોઈએ. વિધાનપરિષદ એ કાયમી ગૃહ છે. વિધાનપરિષદનો દરેક સભ્ય છ વર્ષની મુદત માટે ચૂંટાય છે. વિધાનપરિષદના એક તૃતીયાંશ સભ્યો દર બીજા વર્ષે નિવૃત્ત થાય છે. વિધાનપરિષદ રાખવી કે નહિ તે રાજ્ય નક્કી કરે છે.

- **વિધાનસભા**

ધારાસભાના નીચલા ગૃહને વિધાનભા કહે છે. બંધારણની જોગવાઈ મુજબ વિધાનસભામાં સભ્યોની સંખ્યા 60થી ઓછી અને 500થી વધારે હોઈ શકે નહિ.

**વિધાનસભાના સભ્ય બનવાની લાયકાત**

- તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- તે સરકારી સંસ્થામાં સવેતન હોદો ધરાવતો હોવો જોઈએ નહિ.
- તે વ્યક્તિ નાદાર, અસ્થિર મગજની કે સજા પામેલ ગુનેગાર હોવી જોઈએ નહિ.

ભારતના દરેક રાજ્યમાં વિધાનસભા છે. રાજ્યના વિસ્તારોને જુદા-જુદા મતવિભાગમાં વહેંચવામાં આવે છે. દરેક મતવિસ્તારમાંથી એક- ક સભ્ય ચૂંટાય છે. ગુજરાત રાજ્યમાં વિધાનસભાની કુલ 182 બેઠકો છે. દરેક રાજ્યની વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા જુદી-જુદી હોય છે. તેની સભ્યસંખ્યા વસતિના ધોરણે નક્કી થાય છે. મોટે ભાગે વિધાનસભ્યો અલગ અલગ રાજકીય પક્ષોના હોય છે તેમજ કોઈ પણ પક્ષના ન હોય તેવા અપક્ષ ધારાસભ્યો પણ હોય છે. ગુજરાતનું વિધાનસભાનું ભવન ગાંધીનગર ખાતે આવેલું છે. તેનું નામ વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા ભવન છે.

## (ક) રાજ્યપાલ અને મુખ્યમંત્રી

**રાજ્યપાલ (ગવર્નર)** : ભારતના દરેક રાજ્યમાં રાજ્યપાલ હોય છે. તેઓ રાજ્યના બંધારણીય વડા છે. તેઓ રાજ્યની કારોબારીના પણ વડા છે. તેમની નિમણૂક દેશના રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ મુજબ પાંચ વર્ષ માટે કરે છે. રાજ્યનો બધો જ વહીવટ તેમના નામથી થાય છે. 35 વર્ષ કે તેથી વધુ વયનો ભારતનો નાગરિક રાજ્યપાલના હોદ્દા માટે લાયક ગણાય છે.

**રાજ્યપાલનાં કાર્યો** :

- રાજ્યની વિધાનસભાના બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- મુખ્યમંત્રીની સલાહ પ્રમાણે પ્રધાનમંડળના પ્રધાનોની નિમણૂક કરે છે.
- વિધાનસભાની બેઠકો બોલાવે છે અને જરૂર પડે વિધાનસભાને વિખેરી નાંખવાની સત્તા ધરાવે છે. રાજ્યપાલ જરૂર પડ્યે વટહુકમ બહાર પાડે છે.
- રાજ્યના એડ્વોકેટ જનરલ અને રાજ્યના જાહેર આયોગના અધ્યક્ષ વગેરેની નિમણૂક કરે છે.
- વિધાનસભાએ પસાર કરેલા ખરડા પર સહી કરીને ખરડાને કાયદાનું સ્વરૂપ આપે છે.
- તેઓ તટસ્થ અને નિષ્પક્ષ રહી રાજ્યના વહીવટનું ધ્યાન રાખે છે.

**મુખ્યમંત્રી (ચીફ મિનિસ્ટર)** : રાજ્યપાલ વિધાનસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાની નિમણૂક મુખ્યમંત્રી તરીકે કરે છે. રાજ્યપાલની મોટા ભાગની સત્તાઓ મુખ્યમંત્રી અને તેમનું મંત્રીમંડળ ભોગવે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડળનું કાર્યાલય નવા સચિવાલય, 'સ્વર્ણિમભવન', ગાંધીનગરમાં છે. મંત્રીમંડળમાં ત્રણ કક્ષાના મંત્રીઓ હોય છે : (1) કૅબિનેટ કક્ષાના મંત્રીઓ (2) રાજ્ય કક્ષાના મંત્રીઓ અને (3) નાયબ કક્ષાના મંત્રીઓ.

**મુખ્યમંત્રીનાં કાર્યો** :

- મંત્રીમંડળની બેઠકો બોલાવે છે.
- દરેક મંત્રીનાં કાર્યો પર દેખરેખ રાખે છે.
- જરૂર પડે મંત્રીઓને માર્ગદર્શન પૂરું પાડે છે.
- મંત્રીમંડળે લીધેલા નિર્ણયોની જાણકારી રાજ્યપાલને આપે છે.
- મંત્રીમંડળના મંત્રીઓને જુદાં-જુદાં વહીવટી ખાતાઓની વહેંચણી કરે છે.
- જરૂર પડે મંત્રીમંડળની પુનઃરચના કરે છે.
- વિધાનસભામાં નાણામંત્રી પાસે રાજ્યનું અંદાજપત્ર રજૂ કરાવે છે.
- રાજ્યના નાગરિકોનાં કલ્યાણ, સુખાકારી અને વિકાસ માટે સતત કાર્યશીલ રહે છે.
- તેઓ સરકારની નીતિઓના ઉદ્ઘોષક, પથદર્શક અને સુકાની તરીકેની ફરજો બજાવે છે.

## (૭) રાજ્યનું ન્યાયતંત્ર

ભારતના દરેક રાજ્યને વડી અદાલત છે. ગુજરાતમાં વડી અદાલતની સ્થાપના 1લી મે, 1960માં થઈ હતી. ગુજરાતની વડી અદાલત અમદાવાદમાં છે. વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની સલાહ મુજબ કરે છે.

- વડી અદાલતના ન્યાયાધીશો રાજ્યપાલ સમક્ષ પોતાનાં કાર્ય માટે પ્રતિજ્ઞા લે છે.
- વડી અદાલતમાં સામાન્ય રીતે વકીલો જ દલીલો કરે છે. જરૂર જણાય તો જ આરોપી-ફરિયાદીને બોલાવવામાં આવે છે.
- દરેક જિલ્લામાં ફોજદારી અદાલત હોય છે. ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડાનો વિવાદ ફોજદારી વિવાદ ગણાય છે.
- જમીન, મકાન કે સંપત્તિનો વિવાદ દીવાની વિવાદ ગણાય છે.
- પોલીસને ગુનાની પ્રથમ જાણ થાય ત્યારે પોલીસસ્ટેશનમાં એફ.આઇ.આર. (ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ) નોંધે છે.
- અદાલતોના ભારણને ઘટાડવા રાજ્યમાં લોકઅદાલતો પણ કાર્યરત છે.

કાર્યો :

- નાગરિકના હકોનું રક્ષણ અને જતન કરવું.
- નાગરિકની અપીલોનો નિકાલ કરવો.
- દીવાની કે ફોજદારી દાવાઓના ચુકાદા સામે અપીલો સાંભળવી.
- કાયદા અને વ્યવસ્થાનું રક્ષણ કરવું.
- વડી અદાલત, નઝીરી અદાલત (court ofrecords) તરીકેની ફરજો બજાવે છે.
- જાહેર હિતની અરજીઓનો નિકાલ કરે છે.

## (૮) સમાનતા

- **સમાનતા એટલે શું ?**

ભારતના બંધારણમાં સૌને સમાન તક આપવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સમાનતા એટલે સૌ સમાન, સૌને સન્માન એ આશય સાથે સરકાર બંધારણ મુજબ કાર્યરત છે. સૌને સમાન અધિકાર એટલે કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ.

**કાયદા આધારે સમાનતા**

- ભિન્ન-ભિન્ન ધર્મની વ્યક્તિઓમાં સમાનતા
- વ્યક્તિગત વિકાસમાં સમાનતા
- ભાષા કે બોલીને આધારે સમાનતા
- લિંગ આધારિત સમાનતા
- શિક્ષણ મેળવવામાં સમાનતા
- વિચારોની અભિવ્યક્તિમાં સમાનતા

કોઈ એક સ્થળે પહોંચવાની હરીફાઈ રાખવામાં આવે. આ સમયે એક ખેલાડીને સાઇકલ, બીજાને મોટરસાઇકલ અને ત્રીજી વ્યક્તિને દોડતા પહોંચવાનું હોય, તો એ સમાનતા ન કહી શકાય. આ માટે ત્રણેયને સાઇકલ, મોટરસાઇકલ કે દોડતાં રાખવામાં આવે તો જ સૌને સમાન અવસર મળ્યો કહેવાય. એવું થાય તો જ સૌને સમાન તક આપવામાં આવી કહેવાય.

**મતાધિકારમાં સમાનતા**

બંધારણમાં સૌને વિવિધ પ્રકારની સમાનતા આપવામાં આવી છે. લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું શાસન એટલે લોકશાહી.' લોકશાહી સરકારની રચના લોકોના મતદાન વડે થાય છે. લોકશાહીના સૌથી નાના એકમ ગ્રામપંચાયતથી શરૂ થઈ દેશની સૌથી મોટી પંચાયત એટલે સંસદની ચૂંટણી મતદાન દ્વારા થાય છે. 18 વર્ષથી મોટી ઉંમરના દરેક નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે. મતદારયાદીમાં નોંધાયેલ કોઈ પણ નાગરિક મતદાન કરી શકે છે.

ધર્મ, ભાષા, લિંગ, બોલી કે આર્થિક વિવિધતાઓ વચ્ચે સૌને બંધારણમાં સમાનતા આપવામાં આવેલ છે. દરેકને મતદાન કરવાનો અધિકાર છે. અહીં મતદાન કરવાના અધિકાર અંગે રોચક વિગતો પણ સામે આવે છે. કોઈ ધાક, ધમકી, દાદાગીરી કે ડરને આધીન મતદાન ન કરે તે માટે મતદારને જાગ્રત કરવામાં આવે છે. મતનું મહત્ત્વ સમજાવવા અને કોઈ પણ પ્રકારના ડર વગર મતદાન થાય એ માટે ચૂંટણીપંચ વ્યવસ્થા કરે છે. ચૂંટણીના સમયે વધુમાં વધુ લોકો મતદાન કરી શકે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવે છે. જાહેરાત અને વિશેષ વ્યવસ્થા થકી મતદારોને જાગ્રત કરાવવામાં આવે છે. ચૂંટણીપંચ તટસ્થ રીતે ચૂંટણી કરાવે છે. ભારત દેશમાં નોંધાયેલ સૌ મતદારો મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. મહિલાઓ માટે વિશેષ મતદાન મથકો છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિશેષ સુવિધા કરવામાં આવે છે.

ધર્મ, ભાષા, લિંગ, બોલી કે આર્થિક વિવિધતાઓ વચ્ચે સૌને બંધારણમાં સમાનતા આપવામાં આવેલ છે. દરેકને મતદાન કરવાનો અધિકાર છે. અહીં મતદાન કરવાના અધિકાર અંગે રોચક

વિગતો પણ સામે આવે છે. ચૂંટણીપંચ તટસ્થ રીતે ચૂંટણી કરાવે છે. ભારત દેશમાં નોંધાયેલ સૌ મતદારો મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. મહિલાઓ માટે વિશેષ મતદાન મથકો છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિશેષ સુવિધા કરવામાં આવે છે.

## (૯) બંધારણનું આમુખ અને બંધારણીય કમિટી

**"બંધારણનું આમુખ"**: 'અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ બિનસાંપ્રદાયિક સમાજવાદી લોકશાહી પ્રજાસતાક બનાવવા માટે તથા તેના બધા નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, વાણી, માન્યતા, ધર્મ અને પૂજાની સ્વતંત્રતા પ્રતિષ્ઠા અને તકની સમાનતા તથા વ્યક્તિના ગૌરવ તેમજ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે ભાઈચારો કેળવવાનો દઢ સંકલ્પ કરીને અમારી બંધારણસભામાં આજે, 26 નવેમ્બર 1949ના દિવસે આ બંધારણ અપનાવીએ છીએ અને અમારી જાતને સમર્પિત કરીએ છીએ.'

કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે બનાવવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહને દેશનું બંધારણ [constitution] કહેવામાં આવે છે. બંધારણ લિખિત કે અલિખિત હોઈ શકે છે. આપણા દેશના બંધારણની શરૂઆત આમુખ [preamble]થી થાય છે.

**ભારતનું બંધારણ કઈ રીતે બન્યું ?**

ભારતનું બંધારણ જે લોકતંત્ર, સમાજવાદ, ધર્મનિરપેક્ષતા તથા રાષ્ટ્રીય અખંડિતતા જેવાં રાષ્ટ્રીય લક્ષ્યોનો આધારસ્તંભ છે. ભારત સ્વતંત્ર થવાની સાથે બંધારણસભાની રચના કરવામાં આવી. બંધારણસભાએ 9 ડિસેમ્બર, 1946થી પોતાનું કાર્ય શરૂ કર્યું. બંધારણસભામાં વિદ્વાન નેતાઓનો એક વિશિષ્ટ સમૂહ હતો. આ નેતાઓની દીર્ઘદ્રષ્ટિ તથા રાજનૈતિક દૃષ્ટિ બંધારણમાં સમાવિષ્ટ થાય છે. જવાહરલાલ નહેરૂ, ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, સરદાર પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ, શ્યામાપ્રસાદ મુખર્જી, સરદાર બલદેવ સિંહ જેવા નેતાઓએ માર્ગદર્શન આપ્યું. ફ્રેંક એન્થોની તેમજ એચ.પી.મોદીએ પણ પ્રતિનિધિત્વ કર્યું. અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, ડૉ.બી.આર.આંબેડકર, કે.એમ.મુનશી જેવા બંધારણના વિશેષજ્ઞો પણ આ સભાના સભ્યો હતા. સરોજિની નાયડુ તથા વિજયાલક્ષ્મી પંડિત જેવાં મહિલા સભ્યો હતાં.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદને બંધારણસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. બંધારણનો ખરડો તૈયાર કરવા માટે ખરડા સમિતિ બનાવવામાં આવી હતી, જેના અધ્યક્ષ ડૉ.બી.આર. આંબેડકર હતા. બંધારણસભાની 2 વર્ષ 11 માસ 18 દિવસમાં 166 બેઠક થઈ. જેમાં 26 નવેમ્બર, 1949ના દિવસે બંધારણને બંધારણસભાએ સંમતિ આપી, જે 26 જાન્યુઆરી, 1950થી અમલમાં આવ્યું.

ભારતના બંધારણમાં બ્રિટન, આયર્લેન્ડ, ફ્રાંસ તથા અમેરિકાનાં બંધારણની વિશિષ્ટતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.ભારતનું બંધારણ એ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે.

## (૧૦) ભારતના બંધારણની મુખ્ય વિશેષતાઓ

**લોકશાહી શાસનપદ્ધતિ** : ભારતે લોકશાહી શાસનપદ્ધતિ અપનાવી છે. આપણા દેશમાં દર પાંચ વર્ષે સામાન્ય ચૂંટણીઓ થાય છે. એમાં 18 વર્ષથી ઉપરના મતદારો મત આપે છે. ચૂંટણી વગર લોકશાહીની કલ્પના થઈ શકતી નથી. પોતાના પ્રતિનિધિઓની ચૂંટણીમાં દેશના તમામ લોકોની ભૂમિકા છે. દેશનો કોઈ પણ નાગરિક ચૂંટણી લડી શકે છે. પછી તે ગમે તે ધર્મ, જાતિ, વર્ગ, સ્ત્રી હોય કે પુરુષ તેમાં ચૂંટાયેલા સભ્યો (પ્રતિનિધિઓ) પાંચ વર્ષ લોકોનું પ્રતિનિધિત્વ રજૂ કરે છે. નાગરિકને વિચાર, વાણી, અભિવ્યક્તિ અને ઇચ્છા પ્રમાણે ધર્મ પાળવાની સ્વતંત્રતા છે.

**ધર્મનિરપેક્ષતા** : ભારત એક બિનસાંપ્રદાયિક અથવા ધર્મનિરપેક્ષ (સેક્યુલર) અને પ્રજાસત્તાક દેશ છે. બિનસાંપ્રદાયિક એટલે દેશનું શાસન કોઈ સંપ્રદાયની કે ધર્મની માન્યતાને આધારે ન ચાલે. સંપ્રદાયને આધારે એક કે બીજા નાગરિક વચ્ચે ભેદભાવ કે પક્ષપાત રખાતો ન હોય. દરેક નાગરિકને પોતપોતાનો ધર્મ પાળવાની, માન્યતા ધરાવવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા છે.

**પ્રજાસત્તાક**:પ્રજાસત્તાક એટલે રાજ્યના વડા, રાષ્ટ્ર પ્રમુખ વંશપરંપરાગત અમુક કુટુંબની વ્યક્તિ ન હોય. તેઓ લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂંટાયેલ હોય. લોકો પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સત્તા પ્રાપ્ત કરનાર સરકાર. આપણી રાજ્યવ્યવસ્થામાં આપણે પ્રજાસત્તાક લોકશાહી સ્વીકારેલ છે એટલે કે આપણે ત્યાં રાજ્યવ્યવસ્થા વિશિષ્ટ હકો ધરાવતા કોઈ વર્ગના હાથમાં નથી; પરંતુ રાજ્યતંત્રના તમામ હોદાઓ ધર્મ, જાતિ કે સ્ત્રી-પુરુષના કોઈ પણ ભેદભાવ વગર કોઈ પણ નાગરિક માટે ખુલ્લા રહે છે.

## (૧૧) સંસદ

ભારતે 'સંસદીય લોકશાહી'નું સ્વરૂપ સ્વીકાર્યું છે. ભારતમાં સંસદ એ સર્વોચ્ચ છે. ભારતની સંસદ રાષ્ટ્રપતિ અને બે ગૃહો એટલે કે લોકસભા અને રાજ્યસભાની બનેલી છે. રાજ્યસભા એ સંસદનું 'ઉપલું ગૃહ' છે, જ્યારે લોક્સભા એ સંસદનું 'નીચલું ગૃહ' કહેવાય છે.

સંસદ

| લોકસભા | રાષ્ટ્રપતિ | રાજ્યસભા |
| --- | --- | --- |
| (કુલ સભ્યો 545) | (President) | (કુલ સભ્યો 250) |
| (ગુજરાતની 26 બેઠકો) | | (ગુજરાતની 11 બેઠકો) |

આઝાદી પછી રચાયેલ 'ભારતીય સંસદ' લોકશાહીના સિદ્ધાંતોમાં ભારતના લોકોના વિશ્વાસનું પ્રતીક છે. લોકશાહીમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રજાની સહમતી અને ભાગીદારી હોય છે. આપણી શાસનવ્યવસ્થામાં સંસદની પાસે સંપૂર્ણ અને મહત્ત્વની સત્તા હોય છે; કારણ કે તે લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.

સંસદ નીચે મુજબ કાર્યો કરે છે :

1. સરકાર પર વિવિધ રીતે નિયંત્રણ રાખવું અને તેને ઉત્તરદાયી રાખવી.
2. કાયદા બનાવવા તેમજ તેમાં ફેરફારો કરવા, જૂના-પુરાણા કાયદા રદ કરવા.

### કેવી રીતે બને છે લોકસભા ? (House of people)

લોકસભા માટે રાજ્યની વિધાનસભાની જેમ જ ચૂંટણીઓ યોજાય છે. દર પાંચ વર્ષે લોકસભાની ચૂંટણી થાય છે. દરેક સંસદીય મતવિસ્તારમાંથી એક ઉમેદવારને સંસદમાં ચૂંટવામાં આવે છે. ચૂંટણી લડતા ઉમેદવારો મોટે ભાગે જુદા જુદા રાજકીય પક્ષોના સભ્યો હોય છે. ચૂંટાયેલા ઉમેદવારને સંસદસભ્ય (એમ.પી.) કહેવામાં આવે છે. આ બધા સાંસદો મળીને 'લોકસભા' બને છે.

### કેવી રીતે બને છે શાસકપક્ષ ?

લોકસભાની ચૂંટણી બાદ સંસદસભ્યોની એક યાદી બનાવવામાં આવે છે. જેના પરથી ખબર પડે છે કે, કયા રાજકીય પક્ષના કેટલા સાંસદો છે. જો કોઈ રાજકીય પક્ષ સરકાર બનાવવા માંગે તો તેને ચૂંટાયેલા સાંસદોની બહુમતી મળવી જોઈએ. સામાન્ય રીતે ચૂંટણીઓ બાદ જે પક્ષ અથવા

પક્ષીય જોડાણને લોકસભામાં સ્પષ્ટ બહુમતી મળી હોય, તે પક્ષના નેતાને રાષ્ટ્રપ્રમુખ વડાપ્રધાન તરીકે નીમે છે. ભારતના વડાપ્રધાન (Prime Minister) લોક્સભામાં શાસકપક્ષના વડા હોય છે.

વડાપ્રધાન પોતાના પક્ષના સાંસદોમાંથી મંત્રીઓની પસંદગી કરે છે. આમ, પ્રધાનમંડળ રચાય છે. મંત્રીઓ પ્રધાનમંત્રી (વડાપ્રધાન) સાથે મળીને નિર્ણયો લે છે. આ મંત્રીઓ સંઘ યાદીમાં આવતાં ક્ષેત્રો વિશેનાં વિવિધ સરકારી કામોની જવાબદારી સંભાળે છે.

**કેવી રીતે બને છે રાજ્યસભા ?**

રાજ્યસભાના સભ્યોની ચૂંટણી જુદાં જુદાં રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે. રાજ્યસભાના સભ્યોની કુલ સંખ્યા 250ની નક્કી કરવામાં આવી છે, જેમાં 238 સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. રાજ્યસભામાં 12 સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. રાજ્યસભા કાયમી ગૃહ છે. તેનું સંપૂર્ણ વિસર્જન થતું નથી. દર બે વર્ષે એના ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

રાજ્યસભા દેશનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ વ્યક્ત કરે છે. રાજ્યસભામાં ખરડો રજૂ થઈ શકે છે પણ કોઈ ખરડાને કાયદાના રૂપમાં લાગુ કરતા પહેલાં રાજ્યસભાની મંજૂરી જરૂરી છે. સંસદનું આ ગૃહ લોકસભાએ બનાવેલા કાયદાઓની સમીક્ષા કરે છે. આમ, રાજ્યસભાની ભૂમિકા મહત્ત્વની છે. રાજ્યસભાનું સંચાલન કરનારને 'સભાપતિ' (Chairman) કહે છે. હોદાની રૂએ ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના સભાપતિ બને છે.

**સંસદનો પ્રશ્નોત્તરી સમય**

જ્યારે સંસદનું સત્ર ચાલતું હોય ત્યારે સૌથી પહેલાં પ્રશ્નોત્તરી માટે સમય નક્કી કરવામાં આવે છે. જેના માધ્યમથી સંસદસભ્ય સરકારનાં કામકાજ વિશે જાણકારી પ્રાપ્ત કરે છે. તેના થકી સંસદ કારોબારીને નિયંત્રણમાં રાખે છે. પ્રશ્નોના માધ્યમથી સરકારનું તેની ખામીઓ પ્રત્યે ધ્યાન દોરે છે. આ રીતે સરકારને લોકોના પ્રતિનિધિઓ તરફથી પ્રજાના વિચારો જાણવાની તક મળે છે. સરકારને સવાલ પૂછવા એ સંસદસભ્યની મહત્ત્વની જવાબદારી છે. લોકશાહીમાં સારા વહીવટ માટે વિરોધપક્ષની પણ સૌથી મોટી અને મહત્ત્વની રચનાત્મક ભૂમિકા હોય છે. તે સરકારની નીતિઓ તેમજ કાર્યક્રમોની ખામીઓ સામે લાવે છે. લોકસભાનું સંચાલન કરનારને અધ્યક્ષ (સ્પીકર) (Speaker) કહે છે.

રાષ્ટ્રપતિ (President) સંસદના અંગભૂત ભાગ ગણાય છે. સંસદનાં બંને ગૃહોએ પસાર કરેલો ખરડો તેમની સહી થાય ત્યાર પછી કાયદો બને છે. સંસદની બેઠકો બોલાવવાની અને સત્ર સમાપ્તિની જાહેરાત કરવાની સત્તા તેઓ ધરાવે છે.

## (૧૨) અદાલત

**વડી અદાલત (હાઇકોર્ટ):** આપણા દેશમાં સૌથી ટોચની અદાલત સર્વોચ્ચ અદાલત છે. તેને અંગ્રેજીમાં Supreme court (સુપ્રીમ કોર્ટ) કહેવાય છે. પ્રત્યેક રાજ્યને વડી અદાલત (હાઇકોર્ટ) હોય છે. આપણી વડી અદાલત અમદાવાદમાં છે. આખા દેશની વડી અદાલતનાં કાર્યક્ષેત્ર નક્કી કરવામાં આવ્યાં છે. બધી જ વડી અદાલતો સમાન છે. વડી અદાલતને નજીરી અદાલત અથવા Court of Records (કોર્ટ ઑફ રેકોર્ડ્સ) કહેવાય છે. અદાલતમાં મુખ્ય ન્યાયાધીશને મદદ કરવા માટે અન્ય ન્યાયાધીશો હોય છે. વડી અદાલતમાં જાહેર હિતની અરજી કોઈ પણ વ્યક્તિ કરે છે. જો કોઈ ખોટી રીતે અરજી કરી અદાલતનો મહત્ત્વનો સમય બરબાદ કરે તો તેને દંડ પણ થઈ શકે છે.

- આપણો દેશ લોકશાહી દેશ છે.
- આપણા દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ છે.
- દેશના દાનું પાલન ન કરનાર ગુનેગાર છે.
- ગુનો કરનાર વ્યક્તિ બીજાનો હક છીનવે છે.
- આપણા દેશમાં સળંગ ન્યાયતંત્રની વ્યવસ્થા છે.
- તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાની અદાલતો છે.
- આ અદાલતો તાલુકા, જિલ્લા અને વડી અદાલત કહેવાય છે.
- આપણા દેશમાં દીવાની અને ફોજદારી દાવાઓ અંગે ન્યાય આપવામાં આવે છે.
- ન્યાયતંત્રને ઝડપી-બિનખર્ચાળ બનાવવા લોક અદાલતો કાર્યરત છે.
- અદાલતોમાં સૌથી નીચલી અદાલત તાલુકા અદાલત છે.
- આવી અદાલતને ટ્રાયલકોર્ટ કહેવામાં આવે છે.
- તાલુકા અદાલતની ઉપર જિલ્લા અદાલત કાર્ય કરે છે.
- જિલ્લા અદાલતના વડા જિલ્લાની બધી અદાલતોના વડા છે.
- રાજ્યની વડી અદાલતને હાઇકોર્ટ પણ કહેવામાં આવે છે.
- હાઇકોર્ટ રાજ્યની બધી જ અદાલતોમાં મોટી અદાલત છે.
- આપણા રાજ્યની વડી અદાલત ઈ.સ. 1960 માં સ્થપાઈ હતી. તે અમદાવાદમાં આવેલી છે.
- તાલુકા અદાલતમાં દીવાની દાવા જ સાંભળવામાં આવે છે.
- મકાન, જમીન કે સંપત્તિનો વિવાદ દીવાની વિવાદ કહેવામાં આવે છે.
- તાલુકા અદાલતમાં ન્યાય ન મળે, તો જિલ્લા દીવાની અદાલતમાં અરજી કરી શકાય.

## (૧૩) કેન્દ્ર અને રાજ્યોને સોંપાયેલાં કાર્યો અને સત્તાઓનું વિભાજન

ભારતમાં કુલ 28 રાજ્યો છે. એટલે હાલમાં દેશમાં કુલ 28 રાજ્યસરકારો છે. જ્યારે કેન્દ્રકક્ષાએ એક સંઘ સરકાર છે. કેન્દ્રશાસિત પ્રદેશ 7 છે. તેમાં દિલ્લી રાષ્ટ્રીય રાજધાનીનો પ્રદેશ છે.

કેન્દ્ર અને રાજ્ય વચ્ચે મહત્ત્વનો ભેદ તેમના કાર્યક્ષેત્રને લગતો છે. રાજ્યસરકારોનું કાર્યક્ષેત્ર જે-તે રાજ્યના પ્રાદેશિક વિસ્તાર પૂરતું મર્યાદિત છે. જેમ કે, ગુજરાતની સરકારનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્યની નિશ્ચિત સરહદોની અંદર વિસ્તરેલા પ્રદેશ પૂરતું સીમિત છે. જ્યારે સંઘ સરકારનું કાર્યક્ષેત્ર આખા દેશને આવરી લે છે.

કેન્દ્ર અને રાજ્યોને સોંપાયેલાં કાર્યો અને સત્તાઓનું વિભાજન ત્રણ યાદીઓમાં કરવામાં આવ્યું છે સંઘયાદી, રાજ્યયાદી અને સંયુક્તયાદી. આ યાદીઓમાં આવતા વિષયોનો સમાવેશ બંધારણના પરિશિષ્ટમાં કરવામાં આવ્યો છે.

| સંઘયાદી | રાજ્યયાદી | સંયુક્તયાદી |
|---|---|---|
| જે વિષયો સંઘ સરકારને સોંપવામાં આવ્યા છે તેનો સમાવેશ સંઘયાદીમાં થાય છે. તેમાં 97 જેટલા વિષયોનો સમાવેશ થાય છે. તેમાં<br>• વસ્તીગણતરી<br>• વિદેશ સાથેના સંબંધો<br>• દેશનું સંરક્ષણ<br>• નાણાં અને બેંકિંગ વ્યવહાર<br>• ચૂંટણીઓ<br>• નાગરિકત્વ સંબંધી કાયદા ઘડવાનું<br>• રેલવે ,તાર, ટપાલ<br>• વીમા સેવાઓ | રાજ્યને સ્પર્શતા વિષયોનો સમાવેશ રાજ્યયાદીમાં કરવામાં આવે છે. જેમાં 66 વિષયો છે. આ વિષયો પર કાયદો ઘડવાની સત્તા રાજ્યની વિધાનસભા અને રાજ્યની કારોબારી (મંત્રીમંડળ)ને છે. રાજ્યયાદીના વિષયમાં<br>• આરોગ્ય<br>• ખેતીવાડી<br>• જંગલો<br>• સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ<br>• સહકાર જેવા વિષયોનો સમાવેશ થાય છે. | સંઘ અને રાજ્યસરકાર બંને આ વિષયો પર કાયદા ઘડી શકે છે. આ યાદીમાં 47 જેટલા વિષયો છે.<br>• ફોજદારી<br>• દીવાની કેસોને લગતી કાર્યવાહી સંબંધી કાયદાઓ<br>• છૂટાછેડા<br>• શિક્ષણ<br>• વારસાઈ બાબતો<br>• ઉદ્યોગો<br>• રોજગારી |

| | | |
|---|---|---|
| • દરિયાઈ, હવાઈ અને રાષ્ટ્રીય માર્ગ<br>• અણુશક્તિ વગેરે વિષયોનો સમાવેશ થાય છે. | | • વીજળી વગેરે વિષયો પર સંઘ અને રાજ્યસરકાર બંને કાયદા ઘડે છે. |

## (૧૪) સરકાર

**સરકારનાં કાર્યો** : સરકાર પણ એક 'સંચાલક મંડળ' છે. જે સામાન્ય રીતે લોકશાહીમાં લોકોની ઇચ્છા મુજબ વહીવટ ચલાવે છે. સરકાર ઘણાં લોકકલ્યાણનાં કાર્યો કરે છે. સરકાર આર્થિક તથા સામાજિક સમસ્યાઓના ઉકેલનું કાર્ય કરે છે. સરકાર દેશની આર્થિક સ્થિતિ, લોકોની ગરીબી, બેકારી વિશે તેમજ લોકોનાં શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે ચિંતા કરે છે. સસ્તા અનાજની દુકાનો દ્વારા ખાદ્યસામગ્રીનું વિતરણ, શિક્ષણ સંસ્થાઓ, હૉસ્પિટલો, આપત્તિઓ વખતે સહાય, ન્યાયાલયની વ્યવસ્થા, વાહનવ્યવહારની વ્યવસ્થા, પોસ્ટ, રેલવેની સેવા જેવાં અનેકવિધ કાર્યો સરકાર કરે છે. સરકાર બીજા દેશો સાથે શાંતિપૂર્ણ સંબંધ રાખે છે.

**સરકારનું મહત્ત્વ** : સરકાર એટલા માટે જરૂરી છે કે તેણે બનાવેલા કાયદા, નિયમો બધા પર એકસરખા લાગુ પાડી શકાય. સરકાર કાયદા બનાવે છે અને તેનો અમલ પણ અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસો મારફતે કરાવે છે. જ્યારે લોકો સમૂહમાં હોય ત્યારે વ્યવસ્થા માટે નિયમો બનાવવા, નિર્ણયો લેવાનું કામ ખૂબ જ મહત્ત્વનું હોય છે. દેશમાં શાંતિ રહે, કાયદો અને વ્યવસ્થા જળવાય તથા દેશનો વિકાસ થાય તે માટે સરકારની અગત્યની ભૂમિકા છે.


**વિવિધ સ્તરે સરકાર** : સરકારની જવાબદારી વિવિધ ક્ષેત્રે જુદી જુદી સુવિધાઓ આપવાની છે. આ બધી સગવડ–વ્યવસ્થા સરકાર કેવી રીતે કરતી હશે ? ભારત ખૂબ મોટો દેશ છે. એક જ સ્તરે અથવા સ્થળેથી વહીવટ કરવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ સર્જાય અને નાગરિકોને અગવડ પડે. તેથી આપણે ત્યાં સરકાર અલગ અલગ સ્તરે કામ કરે છે. સ્થાનિક કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ. સ્થાનિક સ્તર કે કક્ષાનો સંબંધ ગામ, શહેર સાથેનો છે. રાજ્ય સ્તરનો અર્થ પૂરા રાજ્ય સાથેનો છે. રાષ્ટ્રીય સ્તરની સરકારનો સંબંધ આખા દેશ સાથેનો છે. આગળના પ્રકરણ-3માં તમને રાજ્ય

સરકારનાં કાર્યો વિશે જાણકારી મળશે. આગળના ધોરણમાં તમને રાષ્ટ્રીય સરકાર એટલે કે કેન્દ્ર સરકાર (સંઘ સરકાર)ની જાણકારી મળશે.

**સરકાર અને કાયદો** : સરકાર કાયદાઓ બનાવે છે. આ કાયદાઓને દેશના બધા લોકોએ માન્ય રાખવા પડે છે. સરકાર કામ કરી શકે તે માટે કાયદો જ અગત્યનું સાધન છે. સરકાર પાસે જેમ કાયદો બનાવવાની સત્તા છે તે જ રીતે કાયદાનો અમલ કરાવવાની સત્તા પણ હોય છે. એક ઉદાહરણ લઈએ. રેલવેમાં મુસાફરી કરતી વખતે તમારી પાસે ટિકિટ હોવી જોઈએ. જો તમે વગર ટિકિટે મુસાફરી કરતાં પકડાઈ જાવ તો તમારે દંડ ભરવો પડે અથવા જેલમાં જવું પડે. સરકાર કાયદેસરની કાર્યવાહી કરે, તે ઉપરાંત લોકોને લાગે કે કાયદાનું સારી રીતે અમલીકરણ નથી થઈ શકતું તો તેઓ પણ પોતાના પ્રશ્નો માટે અવાજ ઉઠાવી શકે છે; અદાલતમાં જઈ શકે છે. અદાલત સરકારને આ અંગે યોગ્ય પગલાં ભરવાનો આદેશ આપી શકે છે.

**સરકારનાં અંગો** :તમે તારવ્યું હશે કે રાજ્ય પોતાનાં કાર્યો જે તંત્ર દ્વારા કરે છે, એ તંત્રને સરકાર કહેવામાં આવે છે. સરકાર દરેક રાજ્યનું એક આવશ્યક અંગ છે. સરકારે વિવિધ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. સરકાર ધારા અથવા કાયદા ઘડે છે. કાયદાનો અમલ કરાવે છે. તે કાયદાના યોગ્ય અર્થ કરીને કે કાયદાની પૂર્તિ કરે છે અને ન્યાય આપે છે. પહેલા પ્રકારનું કાર્ય ધારાકીય છે, બીજા પ્રકારનું કાર્ય કારોબારીને લગતું છે અને ત્રીજા પ્રકારનું કાર્ય ન્યાયવિષયક છે. કાયદા ઘડવાનું કાર્ય કરતું અંગ એ વિધાન સભા (ધારાસભા) કહેવાય છે. ઘડેલા કાયદાનો અમલ કરવાનું કામ જે અંગ દ્વારા કરે છે તેને કારોબારી (વિધાન મંડળ) કહેવામાં આવે છે. ન્યાયવિષયક કામ કરનારું અંગ 'ન્યાયતંત્ર' કહેવાય છે, જે કાયદાનો ભંગ કરનારની સામે કામ ચલાવી સજા કરવાનું પણ કામ કરે છે.

ભારત વિશાળ દેશ છે. ભારત એ જુદાં જુદા રાજ્યોનો બનેલો સંઘ છે. આ દેશનો વહીવટ સરળતાથી થાય તે માટે બંધારણે ભારતને સંઘરાજ્ય બનાવ્યું છે. આથી ભારતમાં સમવાયી એટલે કે રાષ્ટ્ર અને રાજ્ય એમ બે કક્ષાની સરકાર છે. રાષ્ટ્રકક્ષાની સરકારને કેન્દ્ર સરકાર' કે 'સંઘ સરકાર' કહે છે. તે સમગ્ર ભારતનો વહીવટ કરે છે. રાજ્યકક્ષાએ વહીવટ કરતી સરકારને 'રાજ્ય સરકાર' કહે છે. આપણે અહીં રાજ્ય સરકારનાં અંગોનો પરિચય મેળવીશું. ભારતના દરેક રાજ્યમાં ધારાસભા હોય છે. તે એક કે બે ગૃહોની બનેલી છે. નીચલું ગૃહ તે વિધાનસભા અને ઉપલું ગૃહ તે વિધાન પરિષદ કહેવાય છે. રાજ્યપાલનો પણ તેમાં સમાવેશ થાય છે. ગુજરાતની ધારાસભા માત્ર નીચલું ગૃહ ધરાવે છે. મોટા ભાગનાં રાજ્યોમાં વિધાન પરિષદ નથી.




રાજ્ય સરકાર

## (૧૫) ભારતીય બંધારણ

મૂળરૂપે, 26 નવેમ્બર, 1949ના રોજ અપનાવવામાં આવેલા બંધારણમાં પ્રસ્તાવના, 22 ભાગોમાં 395 કલમો અને આઠ અનુસૂચિઓ હતી. હાલમાં, 1950માં અમલમાં આવ્યા બાદ 104 સુધારાને કારણે કલમોની સંખ્યા વધીને 448 થઈ ગઈ છે. ઉપરાંત, બંધારણમાં હવે 25 ભાગો અને 12 અનુસૂચિઓ છે.

| ક્રમ નં. | ભારતીય બંધારણના ભાગો | ઉલ્લેખ | ભારતીય બંધારણમાં કલમો |
|---|---|---|---|
| 1 | ભાગ 1 | સંઘ અને તેનો પ્રદેશ | કલમ 1-4 |
| 2 | ભાગ 2 | નાગરિકતા | કલમ 5-11 |
| 3 | ભાગ 3 | મૂળભૂત અધિકારો | કલમ 12-35 |
| 4 | ભાગ 4 | નિર્દેશક સિદ્ધાંતો | કલમ 36-51 |
| 5 | ભાગ 4A | મૂળભૂત ફરજો | કલમ 51A |
| 6 | ભાગ 5 | સંઘ | કલમ 52-151 |
| 7 | ભાગ 6 | રાજ્યો | કલમ 152-237 |
| 8 | ભાગ 7 | નોંધ: 7મો સુધારો અધિનિયમ, 1956 નાબૂદ કરાયેલ ભાગ 7 | – |
| 9 | ભાગ 8 | કેન્દ્રશાસિત પ્રદેશો | કલમ 239-242 |
| 10 | ભાગ 9 | પંચાયતો | કલમ 243-243O |
| 11 | ભાગ 9A | નગરપાલિકાઓ | કલમ 243P-243ZG |

| | | | |
|---|---|---|---|
| 12 | ભાગ 9B | સહકારી મંડળીઓ | કલમ 243ZH-243ZT |
| 13 | ભાગ 10 | અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો | કલમ 244-244A |
| 14 | ભાગ 11 | સંઘ અને રાજ્યો વચ્ચેનો સંબંધ | કલમ 245-263 |
| 15 | ભાગ 12 | નાણા, મિલકત, કરાર અને સુટ્સ | કલમ 264-300A |
| 16 | ભાગ 13 | ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરસંબંધ | કલમ 301-307 |
| 17 | ભાગ 14 | સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓ | કલમ 308-323 |
| 18 | ભાગ 14A | ટ્રિબ્યુનલ્સ | કલમ 323A-323B |
| 19 | ભાગ 15 | ચૂંટણીઓ | કલમ 324-329A |
| 20 | ભાગ 16 | અમુક વર્ગોને લગતી વિશેષ જોગવાઈઓ | કલમ 330-342 |
| 21 | ભાગ 17 | સત્તાવાર ભાષાઓ | કલમ 343-351 |
| 22 | ભાગ 18 | કટોકટીની જોગવાઈઓ | કલમ 352-360 |
| 23 | ભાગ 19 | પરચુરણ | કલમ 361-367 |
| 24 | ભાગ 20 | બંધારણમાં સુધારો | કલમ 368 |
| 25 | ભાગ 21 | અસ્થાયી, પરિવર્તનીય અને વિશેષ જોગવાઈઓ | કલમ 369-392 |
| 26 | ભાગ 22 | ટૂંકું શીર્ષક, પ્રારંભ, હિન્દીમાં અધિકૃત લખાણ અને રદબાતલ | કલમ 393-395 |